ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# જર્મનીની મન્નોન અને સારા હિલર નગરના જનજીવનમાં એકરૂપ થઈ ગઈ

## કલ્ચર એક્ષચેન્જ કાર્યક્રમ અંતર્ગત જર્મનીની યુવતી સારા હિલર ગાંધીનગરની મહેમાન બની છે

ગાંધીનગર, તા. ૫

સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગરમાં જાની પરિવારની મહેમાનગતી માણી રહેલી જર્મનીની મન્નોન રાથને ગુજરાતી ભાષા અઘરી લાગે છે તેમ છતાં તે માત્ર પંદર દિવસમાં જ 'હુ જર્મન છોકરી છું' અને 'જયશ્રી કૃષ્ણ' બોલતા શીખી ગઈ છે. તે અહીં એમ.બી. પટેલ હાઈસ્કૂલમાં ધો. ૧૧માં આર્ટસના વિષયો રાખી એક વર્ષ ભણશે. તથા સાંસ્કૃતિક બાબતોનું આદાનપ્રદાન કરશે. કલ્ચરલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ અમેરિકા ગયેલા દેવર્ષ જાનીનો પરિવાર હોસ્ટ ફેમિલિ પણ બન્યો છે. તેઓ જર્મનીની મન્નોન રાથ'ને પોતાની દિકરીને જેમ જ એક વર્ષ પોતાના ઘરમાં રાખશે. હજુ હમણાં જ પંદર દિવસ પહેલાં ગાંધીનગર આવેલી મન્નોન રાથ' કહે છે કે અહીંના લોકો ખુબ મળવતાવડા છે.

### સ્કૂલના પહેલા જ દિવસે કેટલી બધી ફ્રેન્ડ બની ગઈ : અહિંના લોકો ખૂબ જ મળતાવડા છે : મન્નોન રાથ



સ્કૂલના પહેલા જ દિવસે કેટલીક છોકરીઓએ મારી સાથે બસમાં જ દોસ્તી કરી લીધી હતી. સ્કૂલમાં પણ બધાં જ મારા મિત્રો બનવા આતુર રહે છે.' હમણાં જ તે જેમના ઘરે રહે છે તે નરેશભાઈ જાનીના પરિવારમાં લગ્ન પ્રસંગ યોજાઈ ગયો. લગ્ન પ્રસંગે યોજાયેલા ગરબામાં તે ખુબ ઉત્સાહભેર જોડાઈ હતી અને જાનમાં આણંદ પણ ગઈ હતી. 'મન્નોન'ને અહીંનું કલ્ચર ખુબ ટ્રેડીશનલ લાગે છે. અભ્યાસ બાબતે તે કહે છે કે અહીંની અને જર્મનીની શિક્ષણ પદ્ધતિ ખુબ અલગ છે. જર્મનીમાં વિદ્યાર્થીઓને ગ્રેડના આધારે ઈઝી, મિડલ અને ડીફીકલ્ટ સ્કૂલમાં પ્રવેશ અપાય છે. અહીં જેમ આર્ટસ, કોમર્સ, સાયન્સ સ્ટ્રીમ છે તેવું ત્યાં નથી. વિદ્યાર્થીઓ ગમે તે વિષય રાખી શકે છે. ખાસ પરીક્ષા આપી ઈઝી કે મીડલ સ્કૂલમાંથી ડીફીકલ્ટ સ્કૂલમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓને છુટ રહે છે. આથી તેઓ એક જ માધ્યમમાં બંધાઈને રહેતા નથી.' મન્નોન બાયોલોજી, હિસ્ટ્રી, મેથ્સ જેવા બાર વિષયોનો અભ્યાસ સાથે જ કરી રહી છે. જેમાં લેટિન, ઈંગ્લીશ, જર્મન અને મેથ્સ મુખ્ય વિષયો છે. તે કહે છે કે અહીં તે આર્ટસમાં ભણતી હોવાથી તેના પ્રિય વિષયો બાયોલોજી અને મેથ્સ ભણી શકતી નથી. મન્નોન કહે છે કે જર્મનીમાં શિક્ષક-વિદ્યાર્થીઓ સાથે સતત વાતચીત કરી ભણાવે છે. જો કે તે કહે છે કે અહીં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે એક પ્રકારની આત્મિયતા જોવા મળે છે. તેનો અમારા દેશમાં અભાવ છે. અહીં શિક્ષક વિદ્યાર્થીનો હાથ પકડી શકે છે કે ખભે હાથ મુકી તેની અંગત સમસ્યાઓ સાંભળે છે, તેના ઉકેલમાં મદદરૂપ થાય છે તેવું ત્યાં નથી. શિક્ષકો આત્મિય બની શકતા નથી.

### જર્મનીમાં માત્ર ક્રિસમસ ઉજવાય છે જ્યારે ભારતમાં અનેક તહેવારો ઉત્સાહથી ઉજવાય છે, તેનાથી સારા રોમાંચિત છે

અહીંનું ફુડ કેવુ લાગ્યુ તેના ઉત્તરમાં મન્નોન કહે છે કે ખુબ સરસ ફુડ છે. મને પહેલાં એવો ભ્રમ હતો કે ઈન્ડિયન ફુડ ખુબ સ્પાઈસી હશે. એટલે મે મારા ઘરે સ્પાઈસી ફુડ ખાવાની પ્રેકટીસ પણ કરી હતી. જો કે મારી ધારણાં જેટલુ સ્પાઈસી ફુડ અહીંનું નથી. મને અહીંના ભાજીપાઉં અને મસાલેદાર ચા ખુબ ભાવે છે.'

### મન્નોન સેક્ટર-૮માં નરેશભાઈ જાનીના પરિવારની મહેમાન બની છે તેને પાઉંભાજી અને ચા ખૂબ ભાવે છે

મન્નોન અહીં જેને મમ્મી કહે છે તે વર્ષાબેન જાનીના હાથના બનાવેલા દાળ, ભાત, શાક, રોટલી તેને ભાવે છે. ઘરમાં તે સાફસફાઈ અને રસોડાના કામકાજમાં મદદ પણ કરે છે. તે કહે છે કે મને અહીં ખુબ ગમે છે, મારા પરિવારને મીસ નથી કરતી.'

મન્નોનને અહીંની એક વાત ખુબ આશ્ચર્યજનક લાગે છે. તે કહે છે કે જર્મનીમાં મારા બધાં જ કામોનું, અભ્યાસનું પ્લાનીંગ અગાઉથી થઈ જતુ. મારે આગામી અઠવાડિયે શું કરવાનું છે, ક્યાં જવાનું છે તેનું પ્લાનીંગ રહેતુ. પણ અહીં તો ક્યાંય જવાનું હોય કે કોઈ કામ કરવાનું હોય, બધુ અચાનક જ નક્કી થાય છે. આ વાત મારા માટે ખુબ સ્ટ્રેન્જ છે.' મન્નોનને ગાંધીનગરની ગ્રિનરી અને ટ્રાફિક વિનાના માર્ગો ગમી ગયા છે. તેને તડકો ખુબ ગમે છે. તડકો નીકળે તો તે તુરંત જ ઓટલે જઈ બેસી જાય છે. અહીં જરાય ઠંડી નથી તેનો તેને ખુબ આનંદ છે. જર્મનીમાં માત્ર ત્રણેક માસ જ સમર સીઝન રહે છે. તેથી તેને અહીનો સુર્યપ્રકાશ ગમે છે. તે કહે છે કે મારૂ ચાલે તો આ સૂર્યની ગરમીને પેક કરી મારી સાથે લઈ જાઉં'

જર્મનીની સુંદર મજાની દેખાવડી અને ભારતીય સંસ્કૃતિને આત્મસાત કરવા આવેલી સારા હિલર ફ્રેન્ડશીપ ડે ના દિવસે ભારતીય સંસ્કૃતિ સાથે દોસ્તી કરવા માંગે છે... કલ્ચર એક્ષચેન્જ કાર્યક્રમ અંતર્ગત જર્મનીની યુવતી સારા હિલર ગાંધીનગરની મહેમાન બની છે.

### સારા એક વર્ષ માટે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના અંગ્રેજી વિષય નિષ્ણાત શિક્ષક નિતીન ઠાકરની દીકરી બની રહેવાની છે

જર્મનીનાં ૧૮ ડીગ્રીના ઠંડા તાપમાનમાંથી ગુજરાતના ૩૫ થી ૪૦ ડીગ્રીના ગરમ આબોહવામાં સારા સેટ થઈ ગઈ છે.... દિવ્યલોક સોસાયટી, પ્લોટ નં. ૧૩૧૯/૨, સેક્ટર-૨-બીમાં રહેતાં નિતીન ઠાકરને એમના જ વિદ્યાર્થી એવાં જનક ગજ્જરે અમેરીકન ફિલ્ડ સર્વિસના આ કલ્ચરલ એક્ષચેન્જના અંતર્ગત એક દિકરીને ભારત લાવવાની વાત કરી જે તેમણે સહર્ષ સ્વિકારી અને જર્મન કન્યા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સિવિલના કર્મચારીઓને નિયમિત રીતે અનિયમિત પગાર મળે છે

## પગારપંચના એરિયર્સનો હપ્તો રોકડમાં હજુ ચુકવાયો નથી : ૫૦૦ થી પણ વધુ કર્મચારીઓ સાથે ઓરમાયુ વર્તન રખાતુ હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ સાથે સંકળાયેલ ૫૦૦થી પણ વધુ કર્મચારીઓના પગાર નિયમિત રીતે નહિ થતા હોવાથી આ કર્મચારીઓના પરિવારોમાં આર્થિક સંકટની સ્થિતિ ઉભી થવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ કર્મચારીઓને હ્ઠ્ઠા પગારપંચનો હપ્તો જે રોકડમાં ચુકવવાની જાહેરાત થયાને પણ સમય વીતી ગયો હોવા છતાં હજુ આ નાણાં મળ્યા નથી એટલે આ પરિવારોની સ્થિતિ પડતા પર પાટુ જેવી થઈ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ચાર માસથી પગાર નિયમિત થતા નહી હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે. આખા રાજ્યમાં ૧ થી ૩ તારીખોમાં પગાર થઈ જતો હોય છે પણ હોસ્પિટલના સત્તાવાળાઓ પાસે ગ્રાન્ટના અભાવે આ પગારબિલો નિયમિત રીતે મોડા પડી રહ્યા છે.

પગારની ગ્રાન્ટ ક્યારેક ૧૦મી પછી આવે છે. તો ક્યારેક ૧૫મી પછી આવતી હોવાથી આ અનિયમિતતા ઉભી થઈ હોવાની વાતો ચર્ચાઈ રહી છે. આખા રાજ્યમાં પગારની ગ્રાન્ટ નિયમિતરીતે ફાળવવામાં આવે છે તો પાટનગરની હોસ્પિટલ સાથે કેમ ઓરમાયુ વર્તન રાખવામાં આવી રહ્યું છે તે પણ કર્મચારીઓમાં ચર્ચાનો મુદ્દો બનવા પામેલ છે.

એક એવી પણ વાત લોક જીભે ચર્ચાઈ રહી છે કે મેડીકલ કોલેજના આર્થિક ભારણને લઈ ગ્રાન્ટના ઘણા બધા પ્રશ્નો ઉભા થવા પામ્યા છે.

ગાંધીનગરમાં જ સરકાર બેસતી હોવા છતાં આ કર્મચારીઓને તેમના પગાર પંચના એરિયર્સનો હપ્તો પણ નહિ મળ્યો હોવાની સ્થિતિ સૌથી વધુ ચર્ચાનો મુદ્દો બન્યો છે. ટીકુ પગાર પંચનો લાભ પણ તબીબી અધિકારીઓને પણ મળ્યો નથી.

ગાંધીનગર સિવિલમાં વર્ગ-૩ના ૩૦૦, વર્ગ-૪ના ૧૦૦થી વધુ તથા વર્ગ-૨ અને વર્ગ-૧ના ૧૦૦ થી પણ વધુ અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે જે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગરનો દેવર્ષ જાની એક વર્ષ અમેરિકા રહી 'ખુશ્બુ ગુજરાત કી' નો પ્રચાર કરશે

ગાંધીનગર, તા.૫

દેશ-દુનિયામાં પાંગરેલી વિવિધ સંસ્કૃતિ અંગેની માહિતી માત્ર પુસ્તકોમાંથી જ પ્રાપ્ત થઈ શકે તેવું નથી. તે માટે જે તે દેશમાં જઈ તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો પડે. હાઈસ્કુલમાં અભ્યાસ કરતાં કિશોરોને આવી તક અમેરિકન ફિલ્ડ સર્વિસના માધ્યમથી મળે છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાનના આ કાર્યક્રમમાં ગાંધીનગરનો દેવર્ષ જાની જોડાયો છે તે દેશના અન્ય ૩૮ વિદ્યાર્થીઓ સાથે અમેરિકા જઈ રહ્યો છે. ત્યાં તે એક વર્ષ રહી અભ્યાસ કરશે અને સાથે જ તે દેશની સંસ્કૃતિનો અભ્યાસ કરશે.



અમેરિકા અને ભારતના સંયુકત ઉપક્રમે સ્ટુડન્ટ એકસચેન્જનો કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. અભ્યાસની સાથે સાથે કલ્ચરલ એકસચન્જ માટે આ કાર્યક્રમ ચાલી રહ્યો છે. ગાંધીનગર માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ભારતના ૩૯ વિદ્યાર્થીઓ આ કલ્ચરલ એકસચેન્જ કાર્યક્રમ માટે પસંદગી પામ્યા છે તેમાં દેવર્ષ એક છે. સેંટ ઝેવિયર્સ સ્કુલનો વિદ્યાર્થી દેવર્ષ જાની ખુબ લાંબી પ્રોસેસમાંથી પસાર થયા બાદ આ

### સેંટ ઝેવિયર્સ સ્કુલનો વિદ્યાર્થી દેવર્ષ મિશિગન યુનિવર્સિટીમાં ધો-૧૧માં ભણશે, સાથે સાથે સ્થાનિક સંસ્કૃતિનો અભ્યાસ કરશે

પ્રોગ્રામ માટે પસંદગી પામ્યો છે. આગામી ૧૦મી એ તે અમેરિકાના વોશિંગ્ટન ડીસી પહોંચશે. હાલમાં તે અન્ય વિદ્યાર્થીઓની સાથે દિલ્હી ખાતે ઓરીએન્ટેશન પ્રોગામમાં ભાગ લઈ રહ્યો છે. દેવર્ષ જે પરિવારમાં રહેશે તે મીશીગન સ્ટેટના મુશ્કેગોન સિટિનો છે. અમેરિકન ફિલ્ડ સર્વિસના ડાયરેકટર લોરા હેમર દેવર્ષના હોસ્ટ ફેમિલિ છે. અહીં તે એક વર્ષ રહી મિશિગન યુનિવર્સિટીમાં ધો-૧૧માં અભ્યાસ કરશે સાથે જ સ્થાનિક ભાષા અને સ્થાનિક સંસ્કૃતિનો અભ્યાસ

● અનુસંધાન પાન-૭ પર

# ઘર આંગણે ફેન્સીંગ કરી બગીચો બનાવવાની મંજુરી આપવા માગ

## ગાંધીનગરને ફૂલોની નગરી બનાવવાનો સંકલ્પ સાકાર કરવા વહીવટીતંત્ર અને વસાહતીઓ સાથે મળી કાર્યયોજના ઘડવી જોઈએ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરની ઓળખ હરીયાળા પાટનગરની છે ત્યારે વસાહતીઓને ઘર આંગણે ફેન્સીંગ કરી બગીચો બનાવવાની મંજુરી મળવી જોઈએ તેવી રજૂઆત વસાહતીઓ કરી રહ્યા છે. જો તંત્ર થોડોક સહકાર આપે તો શહેરના દરેક આંગણામાં નાનકડો બગીચો લહેરાશે.

હાલમાં શહેરમાં ઠેર ઠેર નાના-મોટા વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ગુડા દ્વારા વિવેકાનંદ વૃક્ષ સાથી યોજના અમલી બનાવાઈ છે. ગાંધીનગરને ફુલોની નગરી બનાવવાનું છે. વસાહતીઓએ રજુઆત કરી છે કે જો તંત્ર થોડોક સહયોગ આપે તો ગાંધીનગર ખરા અર્થમાં ફૂલોની નગરી અને બગીચાનું શહેર બની જાય. દબાણના નામે તંત્રએ વસાહતીઓના ઘર આંગણે કરેલી ફેન્સીંગ હટાવી દીધી છે. આથી વૃક્ષ ઉછેરમાં હવે વસાહતીઓ રસ દાખવતા નથી. ફેન્સીંગ જ ન હોવાથી ઢોરઢાંખર થોડાક દિવસોમાં છોડ ખાઈ જાય છે. વૃક્ષારોપણની ઝુંબેશ વેગવાન બનાવાઈ છે ત્યારે તંત્રએ પણ નાગરિકોને થોડોક સહકાર આપી ઘર આંગણે ફક્ત બગીચો બનાવાવના હેતુથી ફેન્સીંગ કરવા દેવુ જોઈએ. જે વસાહતીઓ સ્વ ખર્ચે જાત મહેનતે ઘર આંગણે બગીચો બનાવવા તત્પર છે. તેમને ફેન્સીંગની પરવાનગી આપવી જોઈએ. આ માટે તંત્ર ઈચ્છે તો વાર્ષિક ટોકન ચાર્જ લઈ શકે છે. ઘર આંગણે ફેન્સીંગ કરી બગીચો બનાવવાથી શહેરની સોભા તો વધશે જ સાથે કેટલીક સમસ્યાઓનો પણ ઉકેલ આવશે. ફેન્સીંગના કારણે ઘર આંગણે ગંદકી નહી થાય, ઢોર-ઢાંખર, ઘેંટા-બકરાં, કુતરા આવતા અટકશે. બગીચો હશે તો વસાહતીઓ ઘર પાસે એંઠવાડ નહી ફેંકે. ફેન્સીંગ દ્વારા વસાહતીઓને પ્રોટેકશન પણ પ્રાપ્ત થશે. વળી સિનિયર સિટિઝનોને બાગકામની પ્રવૃત્તિ મળશે અને તેમને કસરતનો લાભ મળશે. બાળકો અને સ્ત્રીઓને નવરાશના સમયમાં બેસવા માટે એક સ્થળ મળશે. વળી ગૃહિણીઓ ઘર આંગણે જ બગીચામાં થોડુ ઘણુ શાક ઉગાડી ઓર્ગેનીક ફુડનો લાભ લઈ શકશે. અને ઘરના બજેટ પર કાપ મુકી શકશે. તંત્ર જો થોડીક છુટ આપે તો વસાહતીઓ ઘર આંગણે બગીચાઓ બનાવી શહેરની સુંદરતામાં ભાગીદાર બની શકે છે.

# સંકલનના અભાવે વણઉકેલાયેલા પ્રશ્નો નિવારવા ટૂંકમાં બેઠક

## એકથી બીજા વિભાગમાં ખો અપાતી સમસ્યાઓ નિવારવા જિલ્લા કલેકટર બેઠક બોલાવશે

ગાંધીનગર, તા.૪

વિવિધ વિભાગોમાં સંકલનના અભાવે ફૂટબોલની જેમ ફંગોળાતી નગરની જટીલ સમસ્યાઓના ઉકેલ માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં આગામી દિવસોમાં એક બેઠક યોજાશે. શહેરની સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સંબંધિત વિભાગના વડાઓની ઉપસ્થિતિમાં આ પ્રશ્નોના નિરાકરણ માટે પરામર્શ હાથ ધરવામાં આવશે.

સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે પણ પાટનગરમાં ઘણા ખરા પ્રશ્નો હજુ વણઉકેલ્યા હોવાથી આમ નાગરિકોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. શહેરમાં દાયકાઓના અંતે ટ્રાફિક સિગ્નલ ઉપરાંત બેંક ઓફિસો સહિતના અમુક સ્થળોએ સી.સી. ટી.વી. કેમેરા મુકવા સહિતની બાબતોએ પણ કોઈ નક્કર આયોજન થઈ શક્યું નથી. જેના લીધે નગરજનોની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. વધુમાં વિવિધ સ્થળોએ નવા ઉભા કરાયેલા શૌચાલયોને પણ લાંબા સમયના અંતે હજુ તાળા વાગેલા જોવા મળે છે. કચરો નાંખવાની ડમ્પીંગ સાઈટ પણ વિવાદનો મુદ્દો બની અટવાયેલી છે. આ સમસ્યાઓના ઉકેલ માટે પણ લાંબા સમયના અંતે કોઈ આયોજન થઈ શક્યું નથી જેને અનુલક્ષી શહેર વસાહત મહામંડળ

● અનુસંધાન પાન-૭ પર



અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ દ્વારા રવિવારે સાંજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે 'આંગીકમ' નામક નૃત્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં નૃત્યાંગના ખુશ્બુ દેસાઈના નૃત્ય નિર્દેશનમાં પાંચ વર્ષથી માંડીને ૨૮ વર્ષની વય સુધીના ૪૨ કલાકારોએ વિવિધતાસભર સુંદર નૃત્યોની રજૂઆત કરી હતી. (તસવીર : દિપક જાની)

# આજે વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર ગાંધીનગર આવશે

## કેપીટલ સ્ટેશનના પ્રશ્નો અંગે ધ્યાન દોરવા મહામંડળની રજૂઆત

ગાંધીનગર, તા. ૪

સોમવારે વેસ્ટર્ન રલવેના જ જનરલ મેનેજર અમદાવાદ-મુંબઈની બુલેટ ટ્રેઈનના પ્રોજેક્ટ સંદર્ભે માર્ગ-મકાન વિભાગના અગ્ર સચિવ સાથે જરૂરી ચર્ચા હાથ ધરવામાં આવશે. આ તબક્કે ગાંધીનગર સ્ટેશનને સ્પર્શતા પ્રશ્નો સંદર્ભે પણ વેસ્ટર્ન રેલવેના મેનેજર સમક્ષ રજૂઆત કરવા મહામંડળ દ્વારા સરકારને જણાવાયું છે.

મેટ્રો રેલ પ્રોજેક્ટ સંદર્ભે માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા-વિચારણા કરવા આગામી તા. ૬ ઓગષ્ટના રોજ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અમદાવાદની મુલાકાત બાદ ગાંધીનગર આવનાર છે. આ તબક્કે તેઓ માર્ગ-મકાન વિભાગના અગ્ર સચિવ સાથે પ્રોજેક્ટ સંદર્ભે પરામર્શ કરશે. આ તબક્કે કેપીટલ સ્ટેશનને સ્પર્શતા પ્રશ્નોની રજૂઆત કરવા પણ મહામંડળ દ્વારા જણાવાયું છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે વેસ્ટર્ન રેલવેના મેનેજર સમક્ષ અમદાવાદથી દિલ્હી જતી ટ્રેઈનોને વાયા ગાંધીનગર દોડાવવા ઉપરાંત પાટણ, મહેસાણા અને આબુની મેમુ-ડેમુ ટ્રેઈનની સુવિધા કેપીટલ સ્ટેશનને મળે તે માટે સરકારને રજૂઆત કરવા પણ જણાવાયું છે.

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક સિમેન્ટ
સેલ્સ પ્રમોટર્સ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૬૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦

SANGHI CEMENT
KisaN
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com